# Gujarati Bhajans, Garbas, Folk Songs

# ગુજરાતી ભજનોં ગરબા અને લોકગીતોં

## Document Information

Text title : Gujarati Bhajans, Garbas, Folk Songs

File name : gujarAtIgIton.itx

Category : misc, sangraha

Location : doc_z_misc_general

Latest update : July 4, 2019

Send corrections to : sanskrit@cheerful.com

This text is prepared by volunteers and is to be used for personal study and research. The file is not to be copied or reposted without permission, for promotion of any website or individuals or for commercial purpose.

**Please help to maintain respect for volunteer spirit.**

Please note that proofreading is done using Devanagari version and other language/scripts are generated using **sanscript**.

November 22, 2022

*sanskritdocuments.org*

# ગુજરાતી ભજનોં ગરબા અને લોકગીતોં

## અનુક્રમણિકા

અમે મહિયારા રે ગોકુળ ગામના
પંખીડારે ઉડીને જાજો ચોટીલ્ ગઢરે
વૈષ્ણવ જન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે,
જેવો તેવો પણ તારો
ઓ ઈશ્વર ભજીએ તને મોટું છે તુજ નામ
અંબામા ના ઊંચા મંદિર નીચા મોલ
વા વાયા ને વાદળ ઉમટ્યાં,
જય આદ્યા શક્તિ મા, જય આદ્યા શક્તિ
સોના ઇંઢોણી રૂપા બેડલું રે
મારો જીવનપંથ ઉજાળ
આજ રે સ્વપનામાં મેં તો ડોલતો ડુંગર દીઠો જો,
ઝૂલણ મોરલી વાગી રે રાજાના કુંવર
સોના વાટકડી રે કેસર ઘોળ્યાં વાલમિયા,
મંદિર તારૂ વિશ્વ રૂપાળું,
જ્યાં જ્યાં નઝર મારી ઠરે, યાદી ભરી ત્યાં આપની
આજની ઘડી તે રળિયામણી
ગોળી ફોડી મારી ગોળી ફોડી
ખમ્મા મારા નંદજીના લાલ , મોરલી ક્યાં રે વગાડી?
નાગર નંદજીના લાલ
રૂડી ને રંગીલી રે વહાલા તારી વાંસળી રે લોલ.
વાદલડી વરસી રે , સરોવર છલી વળ્યાં.
હલકે હાથે તે નાથ! મહિડાં વલોવજો,
નટવર નાનો રે, કાનો રમેછે મારી કેડમાં
હો રંગ રસિયા ! ક્યાં રમી આવ્યા રાસ જો?

હરિને ભજતાં હજુ કોઈની લાજ જતાં નથી જાણી રે
તમે એકવાર મારવાડ જાજો રે હો મારવાડા !
અમે તો તારાં નાનાં બાળ અમારી તું લેજે સમ્ભાળ
શંભુ શરણે પડી, માંગુ ઘડી રે ઘડી
વિશ્વંભરી અખિલ વિશ્વતણી જનેતા
આનંદ મંગલ કરું આરતી
આનંદનો ગરબો

# ગુજરાતી ભજનોં ગરબા અને લોકગીતોં

ગુજરાતી ભજનોં ગરબા અને લોકગીતોં

## અમે મહિયારા રે ગોકુળ ગામના

અમે મહિયારા રે ગોકુળ ગામના
મારે મહિ વેચવાને જાવાં ॥ મહિયારા રે

મથુરાને વાટે મહિ વેચવાને નીસરી
નટખટ એ નંદકિશોર માગે છે દાણજી
ઓ મારે દાણ લેવાને દેવાં ॥ મહિયારા રે

માવડી જશોદાજી કાનજીને વારો
દુખડાં દીએ હજાર નંદજીનો લાલો
હે મારે દુખ સેહવાને કેવાં ॥ મહિયારા રે

નરસૈયાંનો નંદકિશોર લાડકયો કાનજી
ભૂલાવે ભાન સાન ઉંઘેથી જગાડતો
હે નિર્મળ હૈયાંની વાત કહેવાં ॥ મહિયારા રે

## પંખીડારે ઉડીને જાજો ચોટીલ્ ગઢરે

પંખીડારે ઉડીને જાજો ચોટીલ્ ગઢરે
ચામુંડામાને જઈને કહેજો ગરબે રમે રે।

પંખીડા હો ઓ પંખીડા પંખીડા હો ઓ પંખીડા

મારા ગામના સુથારી વીરા વ્હેલા આવોરે
મારી ચામુંડામાને કાજે રૂડા બાજોઠ લાવોરે
સારા લાવો સુંદર લાવો વ્હેલા આવોરે
ચામુંડામાને જઈને કહેજો ગરબે રમે રે...પંખીડા

મારા ગામના કસુંબી  વીરા વ્હેલા આવોરે
મારી ચામુંડામાને કાજે રૂડી ચુંદડી લાવોરે
સારી લાવો સુંદર લાવો વ્હેલા આવોરે
ચામુંડામાને જઈને કહેજો ગરબે રમે રે...પંખીડા

મારા માના મણીયારા વીરા વ્હેલા આવોરે
મારી ચામુંડામાને કાજે રૂડા ચુડલા લાવોરે
સારા લાવો સુંદર લાવો વ્હેલા આવોરે
ચામુંડામાને જઈને કહેજો ગરબે રમે રે...પંખીડા

મારા ગામના કુંભારી વીરા વ્હેલા આવોરે
મારી ચામુંડામાને કાજે રૂડા ગરબા લાવોરે
સારા લાવો સુંદર લાવો વ્હેલા આવોરે
ચામુંડામાને જઈને કહેજો ગરબે રમે રે...પંખીડા

## વૈષ્ણવ જન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે,

વૈષ્ણવ જન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે,
પરદુઃખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે

સકળ લોક માં સહુને વંદે, નિંદા ન કરે કેની રે,
વાચ કાછ મન નિશ્ચળ રાખે, ધન ધન જનની તેની રે

સમદ્રષ્ટિ ને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માત રે,
જિહ્વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે

મોહ માયા વ્યાપે નહિં જેને, દ્રઢ વૈરાગ્ય જેના મનમાં રે,
રામનામશું તાળી લાગી, સકળ તીરથ તેના તનમાં રે

વણલોભી ને કપટરહિત છે, કામ ક્રોધ નિવાર્યાં રે
ભણે નરસૈંયો તેનું દરસન્ કરતાં, કુળ એકોતેર તાર્યાં રે

## જેવો તેવો પણ તારો

જેવો તેવો પણ તારો
હાથ પકડ પ્રભુ મારો ॥

તારે ભરોસે જીવન નભતું,
મનડું ચંચળ જ્યાં ત્યાં ભમતું
કરતું ખોટા વિચારો, હાથ પકડ પ્રભુ મારો ॥

સમજી ને હું આગળ પડતો, માયાનો ભડકો ભડભડતો
કરતો ખોટા વિચારો, હાથ પકડ પ્રભુ મારો ॥

જ્યાં ચાલું ત્યાં કાંટા વાગે, વાગે પણ હું ચાલું આગે
થાતો પાપ વધારો, હાથ પકડ પ્રભુ મારો ॥

પુનિત ના અંતર ની વાણી, અંતર્યામી લે તું જાણી
એકજ તું છે સહારો, હાથ પકડ પ્રભુ મારો ॥

## ઓ ઈશ્વર ભજીએ તને મોટું છે તુજ નામ

ઓ ઈશ્વર ભજીએ તને મોટું છે તુજ નામ
ગુણ તારા નિત ગાઈએં થાય અમારા કામ।

હેત લાવી હસાવ તું સદા રાખ દીલ સાફ઼
ભૂલ કદી કરીએં અમેં તો પ્રભુ કરજો માફ઼।

સર્જનહારા દેવ હે દૂર બધાં કર પાપ
હોય ભલું જે જગ વિષે તે તું અમને આપ।

## અંબામા ના ઊંચા મંદિર નીચા મોલ

અંબામા ના ઊંચા મંદિર નીચા મોલ
ઝરૂખડે દીવા બળે રે લોલ ॥

અંબામા ના ગોખ ગબ્બર અણમોલ
કે શિખરે શોભા ઘણી રે લોલ ॥

આવી આવી નવરાત્રિ ની રાત
કે બાળ તારાં રાસે રમે રે લોલ ॥

અંબામા ગરબે રમવા આવો
કે બાળ તારાં વિનવે રે લોલ ॥

અંબામા ને શોભે છે શણગાર
કે પગલે કંકુ ઝરે રે લોલ ॥

રાંદલમા રાસે રમવા આવો
કે મુખડે ફ઼ૂલડાં ઝરે એ લોલ ॥

બહુચરમા ગરબે રમવા આવો
કે આંખથી અમી ઝરે રે લોલ ॥

મા તારૂં દિવ્ય અનુપમ તેજ
કે જોઈ મારી આંખ ઠરે રે લોલ ॥

ગરબો તારો બાળ ગવરાવે
કે ભક્તો તારા પાયે પડે રે લોલ ॥

## વા વાયા ને વાદળ ઉમટ્યાં,

વા વાયા ને વાદળ ઉમટ્યાં,
ગોકુળ માં ટહુક્યા મોર
મળવા આવો સુંદરવર શામળીયા ॥

તમે મળવા તે ના આવો શા માટે
ના આવો તો નંદજી ની આણ ॥ મળવા આવો ॥

તમે ગોકુળ ની ગાય ચારંતા
તમે ગોકુળ ના છો ચોર ॥ મળવા આવો ॥

તમે વ્રજ માં તે વાંસળી વાજંતા
તમે ગોપીઓ નાં ચિત્તચોર ॥ મળવા આવો ॥

મહેતા નરસિંહ ના સ્વામી શામળિયા
અમને તેડી રમાડ્યા રાસ ॥ મળવા આવો ॥

## જય આદ્યા શક્તિ મા, જય આદ્યા શક્તિ

જય આદ્યા શક્તિ મા, જય આદ્યા શક્તિ
અખંડ બ્રહ્માંડ દીપાવ્યા
પડવે પંડિત મા

ૐ જયો જયો મા જગદંબે ॥

દ્વિતીયા બે સ્વરૂપ, શિવ શક્તિ જાણું,
મા શિવ શક્તિ જાણું,
બ્રહ્મા ગણપતિ ગાયે, હર ગાયે હર મા
ૐ જયો જયો મા જગદંબે ॥

તૃતીયા ત્રણ સ્વરૂપ, ત્રિભુવનમાં બેઠા
મા ત્રિભુવનમાં બેઠાં,
ત્રયા થકી તરવેણી, તું તરવેણી મા
ૐ જયો જયો મા જગદંબે ॥

ચોથે ચતુરા મહાલક્ષ્મી, મા સચરાચર વ્યાપ્યા
મા સચરાચર વ્યાપ્યા,
ચાર ભુજા ચૌદિશા, પ્રગટ્યા દક્ષિણમાં
ૐ જયો જયો મા જગદંબે ॥

પંચમી પંચઋષિ, પંચમી ગુણ પદમા,
મા પંચમી ગુણ પદમા,
પંચ સહસ્ત્ર ત્યાં સોહિયે, પંચતત્ત્વે મા
ૐ જયો જયો મા જગદંબે ॥

ષષ્ઠિ તું નારાયણી, મહિષાસુર માર્યો,
મા મહિષાસુર માર્યો,
નર નારી ના રૂપે, વ્યાપ્યા સઘળે મા
ૐ જયો જયો મા જગદંબે ॥

સપ્તમી સપ્ત પાતાળ, સાવિત્રી સંધ્યા,
મા સવિત્રી સંધ્યા,
ગૌ ગંગા ગાયત્રી, ગૌરી ગીતા મા
ૐ જયો જયો મા જગદંબે ॥
અષ્ટમી અષ્ટ ભુજા, આઈ આનંદા,
મા આઈ આનંદા,
સુરનર મુનીવર જનમ્યા, દેવ દૈત્યો મા
ૐ જયો જયો મા જગદંબે ॥

નવમી નવકુળ નાગ, સેવે નવ દુર્ગા,

મા સેવે નવ દુર્ગા,
નવરાત્રિ ના પૂજન,  શિવરાત્રિ ના અર્ચન્,
કીધાં હર બ્રહ્મા
ૐ જયો જયો મા જગદંબે ॥

દશમી દશ્ અવતાર, જય વિજયા દશમી,
મા જય વિજયા દશમી,
રામે રામ રમાડ્યા,
રાવણ રોળ્યો મા
ૐ જયો જયો મા જગદંબે ॥

એકાદશી અગિયારસ કાત્યાયની અંબા મા
મા કાત્યાયની અંબા મા,
કામદુર્ગા કાલિકા, શ્યામા ને રામા
ૐ જયો જયો મા જગદંબે ॥

બારસે બાળા રૂપ, બહુચરી અંબા મા,
મા બહુચરી અંબા મા,
બટુક ભૈરવ સોહિયે, કાળ ભૈરવ સોહિયે,
તારા છે તુજ મા
ૐ જયો જયો મા જગદંબે ॥

તેરસે તુળજા રૂપ, તું તારિણી માતા,
મા તું તારિણી માતા,
બ્રહ્મા વિષ્ણુ સદાશિવ
ગુણ તારા ગાતા
ૐ જયો જયો મા જગદંબે ॥

ચૌદસે ચૌદ્ રૂપ્, ચંડી ચામુંડા,
મા ચંડી ચામુંડા,
ભાવ ભક્તિ કંઇ આપો, ચતુરાઈ કંઇ આપો,
સિંહવાહિની માતા
ૐ જયો જયો મા જગદંબે ॥

પૂનમે કુંભ ભર્યો, સાંભળજો કરૂણા,
મા સાંભળજો કરૂણા,

વસિષ્ઠ દેવે વખાણ્યા, માર્કંડ દેવે વખાણ્યા,
ગાઈ શુભ કવિતા
ૐ જયો જયો મા જગદંબે ॥

સવંત સોળ સત્તાવન, સોળસે બાવીસમાં
મા સોળસે બાવીસમાં,
સવંત સોળે પ્રગટ્યા, રેવા  ને તીરે,
ૐ જયો જયો મા જગદંબે ॥

ત્રંબાવતી નગરી આઈ, રૂપાવતી નગરી,
મા મંછાવતી નગરી,
સોળ સહસ્ત્ર ત્યાં સોહિયે, ક્શમા કરો ગૌરી,
મા દયા કરો ગૌરી,
ૐ જયો જયો મા જગદંબે ॥

શિવ શક્તિ ની આરતી જે કોઈ ગાશે,
મા જે કોઈ ગાશે,
ભણે શિવાનંદ સ્વામી,
સુખ સંપતિ થાશે, હર કૈલાસે જાશે
ૐ જયો જયો મા જગદંબે ॥

## સોના ઇંઢોણી રૂપા બેડલું રે

સોના ઇંઢોણી રૂપા બેડલું રે
નાગર ઊભાં રો રંગ રસિયા
પાણીડાં ગઈતી તળાવ રે
નાગર ઊભાં રો રંગ રસિયા ॥

કાંઠે તે કાન ઘોડાં ખેલવે રે - નાગર ઊભાં ...
કાન મુને ઘડુલો ચડાવ રે - નાગર ઊભાં ...

તારો ઘડો તે ગોરી તો ચડે રે - નાગર ઊભાં ...
તું જો મારા ઘરડાની નાર રે - નાગર ઊભાં ...

ફટ રે ગોજારા ફટ પાપિયા રે - નાગર ઊભાં ...
તું છો મારો માડીજાયો વીર રે - નાગર ઊભાં ...

અરડી મરડીને ઘડો મેં ચડાવ્યો રે - નાગર ઊભાં ...
તૂટી મારા કમખાની કસ રે - નાગર ઊભાં ...

ભાઈ રે દરજીડા વીરા વિનવું રે - નાગર ઊભાં ...
ટાંક્ય મારા કમખાની કસ રે - નાગર ઊભાં ...

કસે તે ટાંક્ય ઘમ્મર ઘૂઘરી રે - નાગર ઊભાં ...
હૈયે તે લખ્ય ઝીણા મોર રે - નાગર ઊભાં ...

જાતાં વાગે તે ઘમ્મર ઘૂઘરી રે - નાગર ઊભાં ...
વળતાં ઝીંગોરે નીલા મોર રે - નાગર ઊભાં ...

સોના ઇંઢોણી રૂપા બેડલું રે
નાગર ઊભાં રો રંગ રસિયા
પાણીડાં ગઈતી તળાવ રે
નાગર ઊભાં રો રંગ રસિયા

## મારો જીવનપંથ ઉજાળ

મારો જીવનપંથ ઉજાળ

પ્રેમળ જ્યોતિ તારો દાખવી
મુજ જીવનપંથ ઉજાળ। - પ્રેમળ જ્યોતિ ...

દૂર પડ્યો નિજ ધામથી હું ને ઘેરે ઘન અંધાર,
માર્ગ સૂઝે નવ ઘોર રજનીમાં, નિજ શિશુને સંભાળ,
મારો જીવનપંથ ઉજાળ। - પ્રેમળ જ્યોતિ ...

ડગમગતો પગ રાખ તું સ્થિર મુજ, દૂર નજર છો ન જાય,
દૂર માર્ગ જોવા લોભ લગીર ન, એક ડગલું બસ થાય,
મારે એક ડગલું બસ થાય। - પ્રેમળ જ્યોતિ ...

આજ લગી રહ્યો ગર્વમાં હું ને માગી મદદ ન લગાર,
આપબળે માર્ગ જોઇને ચાલવા હામ ધરી મૂઢ બાળ,
હવે માગું તુજ આધાર। - પ્રેમળ જ્યોતિ ...

ભભકભર્યા તેજથી હું લોભાયો, ને ભય છતાં ધર્યો ગર્વ,
વીત્યાં વર્ષોને લોપ સ્મરણથી સ્ખલન થયાં જે સર્વ,

મારે આજ થકી નવું પર્વ। - પ્રેમળ જ્યોતિ ...

તારા પ્રભાવે નિભાવ્યો મને પ્રભુ આજ લગી પ્રેમભેર,
નિશ્ચે મને તે સ્થિર પગલેથી ચલવી પહોંચાડશે ઘેર,
દાખવી પ્રેમળ જ્યોતિની સેર। - પ્રેમળ જ્યોતિ ...

કર્દમભૂમિ કળણ ભરેલી, ને ગિરિવર કેરી કરાડ,
ધસમસતા જળ કેરા પ્રવાહો, સર્વ વટાવી કૃપાળ,
મને પહોંચાડશે નિજ દ્વાર। - પ્રેમળ જ્યોતિ ...

રજની જશે ને પ્રભાત ઊજળશે, ને સ્મિત કરશે પ્રેમાળ,
દિવ્યગણોનાં વદન મનોહર મારે હૃદય વસ્યાં ચિરકાળ,
જે મેં ખોયાં હતાં ક્ષણવાર। - પ્રેમળ જ્યોતિ ...

નરસિંહરાવ દિવેટિયા

## આજ રે સ્વપનામાં મેં તો ડોલતો ડુંગર દીઠો જો,

આજ રે સ્વપનામાં મેં તો ડોલતો ડુંગર દીઠો જો,
ખળખળતી નદીઉં રે સાહેલી મારા સ્વપનામાં રે।

આજ રે સ્વપનામાં મેં તો ઘમ્મર વલોણું દીઠું જો,
દહીં દૂધના વાટકા રે સાહેલી મારા સ્વપનામાં રે।

આજ રે સ્વપનામાં મેં તો લવિંગ-લાકડી દીઠી જો,
ઢીંગલાં ને પોતિયાં રે સાહેલી મારા સ્વપનામાં રે।

આજ રે સ્વપનામાં મેં તો જટાળો જોગી દીઠો જો,
સોનાની થાળી રે સાહેલી મારા સ્વપનામાં રે।

આજ રે સ્વપનામાં મેં તો પારસપીપળો દીઠો જો,
તુળસીનો ક્યારો રે સાહેલી મારા સ્વપનામાં રે।

આજ રે સ્વપનામાં મેં તો ગુલાબી ગોટો દીઠો જો,
ફૂલડિયાંની ફોયું રે સાહેલી મારા સ્વપનામાં રે।

ડોલતો ડુંગર ઇ તો અમારો સસરો જો,
ખળખળતી નદીએ રે સાસુજી મારાં નાતાંતાં રે।

ઘમ્મર વલોણું ઇ તો અમારો જેઠ જો,

દહીં દૂધના વાટકા રે જેઠાણી મારાં જમતાંતાં રે।

લવિંગ-લાકડી ઇ તો અમારો દેર જો,
ઢીંગલે ને પોતિયે રે દેરાણી મારાં રમતાંતાં રે।

જટાળો જોગી ઇ તો અમારો નણદોઇ જો,
સોનાની થાળીએ રે નણંદી મારાં ખાતાંતાં રે।

પારસપીપળો ઇ તો અમારો ગોર જો,
તુળસીનો ક્યારો રે ગોરાણી મારાં પૂજતાંતાં રે।

ગુલાબી ગોટો ઇ તો અમારો પરણ્યો જો,
ફૂલડિયાંની ફોર્યું સાહેલી મારી ચૂંદડીમાં રે।

આજ રે સ્વપનામાં મેં તો ડોલતો ડુંગર દીઠો જો,
ખળખળતી નદીઉં રે સાહેલી મારા સ્વપનામાં રે।

## ઝૂલણ મોરલી વાગી રે રાજાના કુંવર

ઝૂલણ મોરલી વાગી રે રાજાના કુંવર
હાલો ને જોવા જાઇયે રે
મોરલી વાગી રે રાજાના કુંવર।

ચડવા તે ઘોડો હંસલો રે રાજાના કુંવર,
પિતળિયા પલાણ રે મોરલી વાગી રે રાજાના કુંવર।

બાંયે બાજુબંધ બેરખા રે રાજાના કુંવર,
માથે મેવાડાં મોળિયાં રે રાજાના કુંવર,
કિનખાબી સૂરવાળ્ રે મોરલી વાગી રે રાજાના કુંવર।

પગે રાઠોડી મોજડી રે રાજાના કુંવર,
ચાલે ચટકતી ચાલ્ય રે મોરલી વાગી રે રાજાના કુંવર।

## સોના વાટકડી રે કેસર ઘોળ્યાં વાલમિયા,

સોના વાટકડી રે કેસર ઘોળ્યાં વાલમિયા,
લીલો છે રંગનો છોડ રંગમાં રોળ્યાં વાલમિયા।

પગ પરમાણે રે કડલાં સોઇં વાલમિયા,
કાંબિયુંની બબ્બે તારે જોડ્ય, રંગમાં રોળ્યાં વાલમિયા।

કેડ પરમાણે રે ઘાઘરો સોઇં વાલમિયા,
ઓઢણીની બબ્બે તારે જોડ્ય, રંગમાં રોળ્યાં વાલમિયા।

હાથ પરમાણે રે ચૂડલા સોઇં વાલમિયા,
ગૂજરીની બબ્બે તારે જોડ્ય, રંગમાં રોળ્યા વાલમિયા।

ડોક પરમાણે રે ઝર્મર સોઇં વાલમિયા,
તુલસીની બબ્બે તારે જોડ્ય, રંગમાં રોળ્યા વાલમિયા।

કાન પરમાણે રે ઠોળિયાં સોઇં વાલમિયા,
વેળિયાંની બબ્બે તારે જોડ્ય રંગમાં રોળ્યાં વાલમિયા।

નાક પરમાણે રે નથડી સોઇં વાલમિયા
ટિલડીની બબ્બે તારે જોડ્ય રંગમાં રોળ્યાં વાલમિયા।

## મંદિર તારૂ વિશ્વ રુપાળું,

મંદિર તારૂ વિશ્વ રુપાળું,
સુંદર સર્જનહારા રે,
પળ પળ તારાં દર્શન થાયે,
દેખે દેખનહારા રે ॥

નહિ પૂજારી નહિ કોઈ દેવા,
નહિ મંદિરને તાળાં રે,
નીલ ગગન માં મહિમા ગાતાં,
ચાંદો સૂરજ તારા રે ॥

વર્ણન કરતાં શોભા તારી,
થાક્યાં કવિગણ ધીરા રે,
મંદિરમાં તું ક્યાં છુપાયો,
શોધે બાળ અધીરાં રે ॥

## જ્યાં જ્યાં નઝર મારી ઠરે, યાદી ભરી ત્યાં આપની

જ્યાં જ્યાં નઝર મારી ઠરે, યાદી ભરી ત્યાં આપની
આંસુ મહીં એ આંખથી યાદી ઝરે છે આપની !

માશૂકોના ગાલની લાલી મહીં લાલી, અને
જ્યાં જ્યાં ચમન જ્યાં જ્યાં ગુલો ત્યાં ત્યાં નિશાની આપની !

જોઉં અહીં ત્યાં આવતી દરિયાવની મીઠી લહર
તેની ઉપર ચાલી રહી નાજુક સવારી આપની !

તારા ઉપર તારા તણાં ઝૂમી રહ્યાં જે ઝૂમખાં
તે યાદ આપે આંખને ગેબી કચેરી આપની !

આ ખૂનને ચરખે અને રાતે હમારી ગોદમાં
આ દમ-બ-દમ બોલી રહી ઝીણી સિતારી આપની !

આકાશથી વર્ષાવતા છો ખંજરો દુશ્મન બધા
યાદી બનીને ઢાલ ખેંચાઇ રહી છે આપની !

દેખી બૂરાઇ ના ડરું હું, શી ફિકર છે પાપની ?
ધોવા બૂરાઇને બધે ગંગા વહે છે આપની !

થાકું સિતમથી હોય જ્યાં ના કોઇ ક્યાંયે આશના
તાજી બની ત્યાં ત્યાં ચડે પેલી શરાબી આપની !

જ્યાં જ્યાં મિલાવે હાથ યારો ત્યાં મિલાવી હાથને
અહેસાનમાં દિલ ઝૂકતું, રહેમત ખડી ત્યાં આપની !

પ્યારું તજીને પ્યાર કોઇ આદરે છેલ્લી સફર
ધોવાઇ યાદી ત્યાં રડાવે છે જુદાઇ આપની !

રોઉં ન કાં એ રાહમાં એ બાકી રહીને એકલો ?
આશકોના રાહની જે રાહદારી આપની !

જૂનું નવું જાણું અને રોઉં હસું તે તે બધું
જૂની નવી ના કાંઇ તાજી એક યાદી આપની !

ભૂલી જવાતી છો બધી લાખો કિતાબો સામટી
જોયું ન જોયું છો બને જો એક યાદી આપની !

કિસ્મત કરાવે ભૂલ તે ભૂલો કરી નાખું બધી
છે આખરે તો એકલી ને એ જ યાદી આપની !

સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ “કલાપી”

## આજની ઘડી તે રળિયામણી

આજની ઘડી તે રળિયામણી
(નરશિંહ મહેતા)

આજની ઘડી તે રળિયામણી.
હે મારો વહાલોજી આવ્યાની વધામણી હો જી રે ...આજની ...

જી રે તરિયા તોરણ તો બંધાવિયાં
હે મારા વહાલાજીને મોતિડે વધાવિયાં હો જી રે ...આજની ...

જિ રે લીલુડા વાંસ વઢાવીએ
હે મારા વહાલાજીનો મંડપ રચાવીએ હો જી રે ...આજની ...

પૂરો પૂરો સોહાગણ સાથિયો
હે વહાલો આવે મલપતો હાથિયો હો જી રે ...આજની ...

જી રે જમુનાનાં જળ મંગાવીએ
હે મારા વહાલાજીનાં ચરણ પખાળીએ હો જી રે ...આજની ...

સહુ સખીઓ મળીને વધાવીએ
હે મારા વહાલાજીનાં મંગળ વધાવીએ હો જી રે ...આજની ...

જી રે તન મન ધન ઓવારીએ
હે મારાં વહાલાજીની આરતી ઉતારીએ હો જી રે ...આજની ...

જી રે રસ વાધ્યો છે અતિ મીઠડો
હે મહેતા નરસૈંનો સ્વામી દીઠડો હો જી રે ...આજની ...

## ગોળી ફોડી મારી ગોળી ફોડી

ગોળી ફોડી મારી ગોળી ફોડી
જુઓ જશોદા મારી ગોળી ફોડી

ગામની ગમાણમાં ગોવિંદ સંતાયા
વાછરુ સર્વે મેલ્યા છોડી ...જુઓ ...

સૂતાં બાળકનાં અંગ મરોડ્યા
નઈયાં ને નેતરાં નાખ્યા તોડી
શીકેથી વહાલે ગોરસ ઉતાર્યાં
ખાધાં નહીં એટલાં નાખ્યા ઢોળી ...જુઓ ...

ચાર પાંચ ગોપીઓ ટોળે મળીને
કાનાને બાંધી દઈએ તાણી ...જુઓ ...

ચાલો જશોદા માતાને કહીએ
કાનો કનડે છે શું રે જાણી ...જુઓ ...

વલ્લભના સ્વમી પ્રભુ
રસિયા ને તોફાની
ગોળી ફોડી એણે જાણી જાણી ...જુઓ ...

## ખમ્મા મારા નંદજીના લાલ , મોરલી ક્યાં રે વગાડી ?

ખમ્મા મારા નંદજીના લાલ , મોરલી ક્યાં રે વગાડી ?

હું તો સુતીતી મારા શયન ભુવનમાં
સાંભળ્યો મેં મોરાલીનો સાદ ...મોરલી ...ખમ્મા ...

ભર રે નીંદરમાંથી ઝબકીને જાગી
ભૂલી ગઈ સુધ ભાન સાન ...મોરલી ...ખમ્મા ...

પાણીડાની મસે જીવન જોવાને હાલી
દીઠા મેં નંદજીના લાલ ...મોરલી ...ખમ્મા ...

દોણુ લઈને ગાય દોહવાને બેઠી
નેતરાં લીધાં હાથ ...મોરલી ...ખમ્મા ...

વાછરુ વરાહે મેં તો છોકરાંને બાંધ્યાં
નેતરાં લઈને હાથ ...મોરલી ...ખમ્મા ...

## નાગર નંદજીના લાલ

નાગર નંદજીના લાલ
રાસ રમતાં મારી નથડી ખોવાણી
કાના જડી હોય તો આલ ...રાસ ...

નાની નાની નથડી ને માંહી જડેલા હીરા
નથડી આપો ને તમે સુભદ્રાના વીરા ...નાગર ...

નાનેરી પહેરું તો મારે નાકે ન સોહાય
મોટેરી પહેરું તો મારા મુખ પર ઝોલા ખાય ...નાગર ...

વૃંદાવનની કુંજ ગલીમાં બોલે ઝીણા મોર
રાધાજીની નથડીનો શામળીયો છે ચોર ...નાગર ...

નથડી આપો ને પ્રભુ નંદના કુમાર
નરસૈંયાના સ્વામી ઉપર જાઉં બલિહાર ...નાગર ...

## રૂડી ને રંગીલી રે વહાલા તારી વાંસળી રે લોલ.

રૂડી ને રંગીલી રે વહાલા તારી વાંસળી રે લોલ.
મીઠી ને મધુરી રે માવા તારી મોરલી રે લોલ

વાંસલડી મારે મંદિરિયે સંભળાય જો
પાણીડાંને મશે રે જીવણ જોવા નીસરી રે લોલ

બેડા મેલ્યાં માન સરોવર પાળ જો
ઇંઢોણી વળગાડી રે આંબલિયાની ડાળીએ રે લોલ

ગોપી તે હાલ્યા વનરા તે વનની મોઝાર જો
કાન વર કોડીલા રે કેડો મારો રોકી ઊભા રે લોલ

કેડો મેલો પાતળિયા ભગવાન જો
સાસુડી હઠીલી મારી નણદલ મહેણાં મારશે રે લોલ

વાગી તારા ઝાંઝરનો ઝણકાર જો
હળવાં હળવાં હાલો રે તમે રાણી રાધિકા રે લોલ

જીવડો મારો આકુળ વ્યાકુળ થાય જો
અહીંયાં કોઈએ દીઠા રે કામણગારા કાનને રે લોલ

નીરખી નીરખી થઈ છું હું તો ન્યાલ જો
નરસૈંયાના સ્વમી રે બાઇયું અમને ભલે મળ્યા રે લોલ

## વાદલડી વરસી રે , સરોવર છલી વળ્યાં.

વાદલડી વરસી રે , સરોવર છલી વળ્યાં.

સાસરીયે જાવું રે , મહિયરિયે મહાલી રહ્યાં
મારા પગ કેરાં કડલાં રે
વીરો મારો લેવા હાલ્યો.

વીરા લઈને વહેલો  આવજે રે
સાસરીયાં મારાં ઘેરે બેઠાં ...વાદલડી ...

મારા હાથ કેરો ચુડલો રે
વીરો મારો લેવા હાલ્યો.

વીરા લઈને વહેલો આવજે રે
સાસરીયાં મારાં ઘેરે બેઠાં ...વાદલદી ...

મારી ડોક કેરો હારલો રે
વીરો મારો લેવા હાલ્યો.

વીરા લઈને વહેલો આવજે રે
સાસરીયાં મારાં ઘેરે બેઠાં ...વાદલદી ...

મારા નાક કેરી નથડી રે
વીરો મારો લેવા હાલ્યો.

વીરા લઈને વહેલો આવજે રે
સાસરીયાં મારાં ઘેરે બેઠાં ...વાદલદી ...

વાદલદી વરસી રે , સરોવર છલી વળ્યાં.
સાસરીયે જાવું રે , મહિયરિયે મહાલી રહ્યાં

## હલકે હાથે તે નાથ! મહિડાં વલોવજો,

હલકે હાથે તે નાથ! મહિડાં વલોવજો,
મહિડાંની રીત નોય આવી રે લોલ ..aલકે ...

ગોળી નંદવાશે નાથ, ચોળી છંટાશે,
મોતિડાની માળા તૂટશે રે લોલ ..aલકે ...

ગોળી નંદવાશે નાથ, ગોરસ વહી જાશે,
ગોરીનાં ચીર મહીં ભીંજશે રે લોલ ..aલકે ...

નાની શી ગોરસીમાં જમનાજી ઊછળે,
એવી ન નાથ, દોરી તાણો રે લોલ ..aલકે ...

નાની શી ગોરસીમાં અમૃત ઠારિયાં,
હળવે ઉઘાડી નાથ! ચાખો રે લોલ ..aલકે ...

હલકે હાથે તે નાથ! મહિડાં વલોવજો.

## નટવર નાનો રે, કાનો રમેછે મારી કેડમાં

નટવર નાનો રે, કાનો રમેછે મારી કેડમાં
નંદકુંવર નાનો રે, ગેડી દડો કાનાના હાથમાં ...નટવર ...

ક્યો તો ગોરી હાલારી હાથીડા મંગાવી દઉં
હાથીડાનો વોરનાર રે, કાનો રમેછે મારી કેડમાં ...નટવર ...

ક્યો તો ગોરી ઘોઘાનાં ઘોલડાં મંગાવી દઉં
ઘોલડાનો વોરનાર રે, કાનો રમેછે મારી કેડમાં ...નટવર ...

ક્યો તો ગોરી ચિત્તોડની ચૂંદડી મંગાવી દઉં
ચૂંદડીનો વોરનાર રે, કાનો રમેછે મારી કેડમાં ...નટવર ...
-લોકગીત

## હો રંગ રસિયા ! ક્યાં રમી આવ્યા રાસ જો?

હો રંગ રસિયા ! ક્યાં રમી આવ્યા રાસ જો?
આંખલડી રાતી ને ઉજાગરો શાને કીધો.

આજ અમે ગ્યાતા સોનીડાને હાટ જો,
આ ઝાલ ઝૂમણા વહોરતાં ને વહાણલાં વાહી ગયાં ..૦ રંગ ...

આજ અમે ગ્યાતા મણિયારાને હાટ જો,
આ ચૂડલડો ઉતરાવતાં વહાણલાં વાહી ગયાં ..૦ રંગ ...

આજ અમે ગ્યાતા કસુંબીને હાટ જો,
આ ચુંદલડી વહોરતાં વહાણલાં વાહી ગયાં ..૦ રંગ ...

આજ અમે ગ્યાતા મોચિડાને હાટ જો,
આ મોજડિયું મૂલવતાં ને વહાણલાં વાહી ગયાં ..૦ રંગ ...

## હરિને ભજતાં હજુ કોઈની લાજ જતાં નથી જાણી રે

હરિને ભજતાં હજુ કોઈની લાજ જતાં નથી જાણી રે
જેની સુરતા શામળિયા સાથ વદે વેદ વાણી રે

વહાલે ઉગાર્યો પ્રહલાદ હરણાકંસ માર્યો રે
વિભીષણને આપ્યું રાજ રાવણ સંહાર્યો રે

વહાલે નરશિંહ મહેતાને હાર હાથોહાથ આપ્યો રે
ધ્રુવને આપ્યું અવિચળ રાજ પોતાનો કરી સ્થાપ્યો રે

વ્હાલે મીરાં તે બાઈના ઝેર હળાહળ પીધાં રે
પાંચાળીના પૂર્યા ચીર પાંડવ કામ કીધાં રે

આવો હરિ ભજવાનો લ્હાવો ભજન કોઈ કરશે રે
કર જોડી કહે પ્રેમળદાસ ભક્તોના દુઃખ હરશે રે

## તમે એકવાર મારવાડ જાજો રે હો મારવાડા !

તમે એકવાર મારવાડ જાજો રે હો મારવાડા !
તમે મારવાડની મેંદી લાવજો રે હો મારવાડા !

 તમે ઓલું લાવજો પેલું લાવજો
 પાન સોપારી પાનનાં બીડાં એલચી દાણા
 હોં કે પેલું લાવજો રે હો મારવાડા !

તમે એકવાર ઘોઘા જાજો રે હો મારવાડા !
તમે ઘોઘાના ઘુઘરાં લાવજો રે હો મારવાડા !

તમે ઓલું લાવજો પેલું લાવજો
પાન સોપારી પાનનાં બીડાં એલચી દાણા
હોં કે પેલું લાવજો રે હો મારવાડા !

તમે એકવાર ચિત્તળ જાજો રે હો મારવાડા !
તમે ચિત્તળની ચૂંદડી લાવજો રે હો મારવાડા !

તમે ઓલું લાવજો પેલું લાવજો
પાન સોપારી પાનનાં બીડાં એલચી દાણા
હોં કે પેલું લાવજો રે હો મારવાડા !

## અમે તો તારાં નાનાં બાળ અમારી તું લેજે સમ્ભાળ

અમે તો તારાં નાનાં બાળ અમારી તું લેજે સમ્ભાળ
ડગલે ડગલે ભૂલો અમારી દે સદ્ બુદ્ધિ ભૂલો વિસારી
તુજ વિણ કોણ લેશે સમ્ભાળ અમે તો તારાં નાનાં બાળ
દીન દુઃખીયાના દુઃખ હરવાને આપો બળ મને સહાય થવાને
અમ પર પ્રેમ ઘણો વરસાવ અમે તો તારાં નાનાં બાળ
બાળ જીવન અમ વીતે હરષે ના દુનિયાની મલીનતા સ્પર્શે
અમારું હસવું રહે ચિર કાળ અમે તો તારાઅં નાનાં બાલા

## શંભુ શરણે પડી, માંગુ ઘડી રે ઘડી

શંભુ શરણે પડી, માંગુ ઘડી રે ઘડી
કષ્ટ કાપો, દયા કરી દર્શન શિવ આપો ॥
તમે ભક્તોના દુઃખ હરનારા,
શુભ સૌનું સદા કરનારા;
હુ તોમંદ મતિ, તારી અકળ ગતિ,
કષ્ટો કાપો, દયા કરી દર્શન શિવ આપો। શંભુ ॥
આપો ભક્તિમાં ભાવ અનેરો,
શિવ ભક્તિમાં ધર્મ ઘણેરો;

પ્રભુ તમે પૂજો દેવી પાર્વતી પૂજો,
કષ્ટો કાપો દયા કરી દર્શન શિવ આપો। શંભુ ॥
અંગે ભસ્મ સ્મશાનની ચોળી,
સંગે રાખો સદા ભૂત ટોળી;
ભાલે તિલક કર્યું, કંઠે વિષને ધર્યું,
અમૃત આપો, દયા કરી દર્શન શિવ આપો। શંભુ ॥
નેતિ નેતિ જ્યાં વેદ કહે છે,
મારુ ચિતડુ ત્યાં જાવા ચહે છે,
સારા જગમાં છે તુ, વસુ તારામાં હુ,
શક્તિ આપો, દયા કરી દર્શન શિવ આપો। શંભુ ॥
હુ તો એકલ પંથી પ્રવાસી,
છતાં આત્મા કેમ ઉદાસી;
થાક્યો મથી રે મથી, કારણ મળતુ નથી,
સમજણ આપો, દયા કરી દર્શન શિવ આપો। આપો ॥
આપો દ્રષ્ટીમાં તેજ અનોખું,
સારી સૃષ્ટીમાં શિવરૂપ દેખું;
મારા મનમાં વસો, આવી હૈયે હસો,
શાંતિ સ્થાપો,દયા કરી દર્શન શિવ આપો। શંભુ ॥
ભોળા શંકર ભવ દુઃખ કાપો,
નિત્ય સેવાનું શુભ ધન મને આપો,
ટાળો માન-મદ, ગાળો સર્વ સદા,
ભક્તિ આપો, દયા કરી દર્શન શિવ આપો। શંભુ ॥
અંગે શોભે છે રુદ્રની માળા,
કંઠે લટકે છે ભોરિંગ કાળા,
તમે ઉમિયા પતિ, અમને આપો મતિ;
કષ્ટ કાપો, દયા કરી દર્શન શિવ આપો। શંભુ ॥

## વિશ્વંભરી અખિલ વિશ્વતણી જનેતા

વિશ્વંભરી અખિલ વિશ્વતણી જનેતા,
વિદ્યાધરી વદનમાં વસજો વિધાતા;
દુર્બુદ્ધિ દૂર કરીને સદબુદ્ધિ આપો

મામ્ પાહિ ઓ ભગવતી ! ભવ દુઃખ કાપો । ૧

ભૂલો પડી ભવરણે ભટકું ભવાનિ,
સુઝે નહિ લગીર કોઇ દિશા જવાની;
ભાસે ભયંકર વળી મનના ઉતાપો,
મામ્ પાહિ ઓ ભગવતી ! ભવ દુઃખ કાપો । ૨

આ રંકને ઉગરવા નથી કોઇ આરો,
જન્માંધ છું જનની હું ગ્રહી બાંહ્ય તારો,
ના શું સુણો ભગવતી શિશુના વિલાપો,
મામ્ પાહિ ઓ ભગવતી ! ભવ દુઃખ કાપો । ૩

મા કર્મ જન્મ કથની કરતાં વિચારું,
આ સૃષ્ટિમાં તુજ વિના નથી કોઇ મારું,
કોને કહું કઠિન યુગ તણો બળાપો,
મામ્ પાહિ ઓ ભગવતી ! ભવ દુઃખ કાપો । ૪

હું કામ ક્રોધ મદ મોહ થકી છકેલો,
આડંબરે અતિ ઘણો મદથી બકેલો,
દોષો થકી દુષિતના કરી માફ પાપો,
મામ્ પાહિ ઓ ભગવતી ! ભવ દુઃખ કાપો । ૫

ના શાસ્ત્રના શ્રવણનું પયપાન પીધું,
હા મંત્ર કે સ્તુતિ કથા નથી કાંઇ કીધું,
શ્રદ્ધા ધરી નથી કર્યા તવ નામ જાપો,
મામ્ પાહિ ઓ ભગવતી ! ભવ દુઃખ કાપો । ૬

રે રે ભવાનિ બહુ ભૂલ થૈ જ મારી,
આ જિંદગી થૈ મને અતિશે અકારી,
દોષો પ્રજાળી સઘળાં તવ છાપ છાપો,
મામ્ પાહિ ઓ ભગવતી ! ભવ દુઃખ કાપો । ૭

ખાલી ન કાંઇ સ્થળ છે વિણ આપ ધારો,
બ્રહ્માંડમાં અણું અણું મહીં વાસ તારો,
શક્તિ ન માપ ગણવા અગણિત માપો,
મામ્ પાહિ ઓ ભગવતી ! ભવ દુઃખ કાપો । ૮

પાપે પ્રપંચ કરવા બધી વાતે પૂરો,
ખોટો ખરો ભગવતી પણ હું તમારો,
જાડ્યાંધકાર કરી દૂર સુબુદ્ધિ આપો,
મામ્ પાહિ ઓ ભગવતી ! ભવ દુઃખ કાપો । ૯

શીખ સુણે રસિક છંદ જ એક ચિત્તે,
તેને થકી ત્રિવિધ તાપ ટળે ખચિત્તે,
વાધે વિશેષ વળી અંબ તણા પ્રતાપો,
મામ્ પાહિ ઓ ભગવતી ! ભવ દુઃખ કાપો । ૧૦

શ્રી સદગુરુ શરણમાં રહીને યજું છું,
રાત્રિદિને ભગવતી તુજને ભજું છું,
સદભક્ત સેવકતણા પરિતાપ ચાંપો,
મામ્ પાહિ ઓ ભગવતી ! ભવ દુઃખ કાપો । ૧૧

અંતર વિષે અધિક ઉર્મિ થતાં ભવાનિ,
ગાઉં સ્તુતિ તવ બળે નમીને મૃડાણી,
સંસારના સકળ રોગ સમૂળ કાપો,
મામ્ પાહિ ઓ ભગવતી ! ભવ દુઃખ કાપો । ૧૨

## આનંદ મંગલ કરું આરતી

આનંદ મંગલ કરું આરતી, હરિગુરુ સંતની સેવા;
પ્રેમ કરી મંદિર પધરાવું, સુંદર સુખડાં લેવામ્ ।  આનંદ ।

કાને કુંડળ માથે મુગત, અકળ સ્વરૂપી એવા;
ભક્ત, ઓધારણ ત્રિભોવન તારણ, ત્રણ ભુવનના દેવા ।  આનંદ ।

અડસઠ તીરથ ગુરુજીના ચરણે, ગંગા જમુના રેવા;
સંત મળે તો મહાસુખ પામું, ગુરુજી મળે તો મેવા ।  આનંદ ।

શિવ સનકાદિક ઓર બ્રહ્માદિક, નારદ મુનિ દેવા;
કહે “પ્રીતમ” ઓળખો અણસારે, હરિના જન હરિજેવા ।  આનંદ ।

# આનંદનો ગરબો

(ભક્ત શ્રી વલ્લભ ભટ્ટ ની રચિત શ્રી બહુચર સ્તુતિ)

આજ મને આનંદ, વાધ્યો અતિ ઘણો “મા”
ગાવા ગરબો છંદ, બહુચર આપ તણો “મા” ૧

અલવે આળ પંપાળ, અપેક્ષા જ આણી “મા”
છો ઇચ્છવા પ્રતિપાળ, દ્યો અમૃતવાણી “મા” ૨

સ્વર્ગ મૃત્યુ પાતાળ, વાસ સકળ તારો “મા”
બાળ કરી સંભાળ, કર ઝાલો મારો “મા”

તોતલા જ મુખ તન્ન, “તો તો તોય” કહે “મા”
અર્ભક માગે અન્ન, નિજ માતા મન લહે “મા” ૪

નહીં સવ્ય અપસવ્ય, કંઇ કાંઇ જાણું “મા”
કલી કહાવા કવ્ય, મન મિથ્યા હ આણું “મા” ૫

કુલજ કુપાત્ર કુશીલ, કર્મ અકર્મ ભર્યો “મા”
મૂરખમાં અણમીલ, રસ રટવા વિચર્યો “મા” ૬

મૂઢ પ્રૌઢ ગતિ મતિ, મન મિથ્યા માપી “મા”
કોણ લહે ઉત્પત્તિ, વિશ્વ રહ્યાં વ્યાપી “મા” ૭

પ્રાક્રમ પૌઢ પ્રચંડ, પ્રબળ ન પળ પ્રીછું “મા”
પૂરણ પ્રકટ અખંડ, અજ્ઞ થકો ઇચ્છું “મા” ૮

અર્ણવ ઓછે પાત્ર, અકલ કરી આણું “મા”
પામું નહીં પળમાત્ર, મન જાણું નાણું “મા” ૯

રસના યુગ્મ હજાર, તે રટતાં હાર્યો “મા”
ઇશેં અંશ લગાર, લૈ મન્મથ માર્યો “મા” ૧૦

માર્કંડ મુનિરાય મુખ , માહાત્મય ભાખ્યું “મા”
જૈમિની ઋષિ જેવાય, ઉર અંતર રાખ્યું “મા” । ૧૧

અણ ગણ ગુણ ગતિ ગોત, ખેલ ખરો ન્યારો “મા”
માત જાગતી જ્યોત, ઝળહળતો પારો “મા” । ૧૨

જશ તૃણવત ગુણગાથ, કહું ઉંડળ ગુંડળ “મા”
ભરવા બુદ્ધિ બે હાથ, ઓધામાં ઉંડળ “મા” ૧૩

પાગ નમાવી શીશ, કહું ઘેલું ગાંડુ “મા”
માત ન ધરશો રીસ, છો ખુલ્લું ખાંડું “મા” । ૧૪

આદ્ય નિરંજન એક, અલખ અકળ રાણી “મા”
તુજથી અવર અનેક, વિસ્તરતાં જાણી “મા” । ૧૫

શક્તિ સૃજવા સૃષ્ટિ, સહજ સ્વભાવ સ્વલ્પ “મા”
કિંચિત્ કરુણા દ્રષ્ટિ, કૃત કૃત્ કોટી કલ્પ “મા” ૧૬

માતંગી મન મુક્ત, રમવા મન કીધું “મા”
જોવા યુક્ત અયુક્ત,રચિયાં ચૌદ ભુવન “મા” । ૧૭

નીર ગગન ભૂ તેજ, હેત કરી નિર્મ્યાં “મા”
મારુત વશ જે છે જ, ભાંડ જ કરી ભર્મ્યાં “મા” । ૧૮

તત્ક્ષણ તનથી દેહ, ત્રણ્ય કરી પેદા “મા”
ભવકૃત કર્તા જેહ, સૃજે પાળે છેદા “મા” ૧૯

પ્રથમ કર્યા ઉચ્ચાર, વેદ ચાર વાયક “મા”
ધર્મ સમસ્ત પ્રકાર, ભૂ ભણવા લાયક “મા” । ૨૦

પ્રકટી પંચ મહાભૂત, અવર સર્વ જે કો “મા”
શક્તિ સર્વ સંયુક્ત, શક્તિ વિણ નહીં કો “મા” । ૨૧

મૂળ મહીં મંડાણ, મહા માહેશ્વરી “મા”
જગ સચરાચર જાણ, જય વિશ્વેશ્વરી “મા” ૨૨

જડ મધ્યે જડશાઇ , પોઢયા જગજીવન “મા”
બેઠાં અંતરિક્ષ આઇ, ખોળે રાખી તન “મા” । ૨૩

વ્યોમ વિમાનની વાટ્ , ઠાઠ ઠઠયો આછો “મા”
ઘટ ઘટ સરખો ઘાટ, કાચ બન્યો કાચો “મા” । ૨૪

અજ રજ ગુણ અવતાર, આકારે આણી “મા”
નિર્મિત હિત નરનાર, નખશિખ નારાયણી “મા” । ૨૫

પન્નગને પશુ પંખી , પૃથક પૃથક પ્રાણી “મા”
જુગ જુગ માંહે ઝંખી, રૂપે રૂદ્રાણી “મા” । ૨૬

ચક્ષુ મધ્ય ચૈતન્ય વચ આસન ટીકી “મા”

જણાવવા જન મન્ચ, મધ્ય માત કીકી “મા” । ૨૭

કણચર તૃણચર વાયુ, ચર વારિ ચરતા “મા”
ઉદર ઉદર ભરી આયુ, તું ભવની ભર્તા “મા” । ૨૮

રજો તમો ને સત્વ, ત્રિગુણાત્મક ત્રાતા “મા”
ત્રિભુવન તારણ તત્ત્વ, જગત તણી જાતા “મા” । ૨૯

જ્યાં જયમ ત્યાં ત્યમ રુપ, તેં જ ધર્યું સઘળે “મા”
કોટી કરે જપધૂપ, કોઇ તુજને ન કળે “મા” । ૩૦

મેરુ શિખર મહીમાંય , ધોળાગઢ પાસે “મા”
બાળી બહુચર આય, આદ્ય વસે વાસો “મા” । ૩૧

ન લ્હે બ્રહ્મા ભેદ, ગુહ્ય ગતિ તારી “મા”
વાણી વખાણે વેદ, શી જ મતિ મારી “મા” । ૩૨

વિષ્ણુ વિમાસી મન્ચ, ધન્ચજ ઉચ્ચરિયા “મા”
અવર ન તુમથી અન્ય, બાળી બહુચરિયા “મા” । ૩૩

માને મન માહેશ, માત મયા કીધે “મા”
જાણે સુરપતિ શેષ, સહુ તારે લીધે “મા” । ૩૪

સહસ્ત્ર ફણાધર શેષ, શક્તિ સબળ સાધી “મા”
નામ ધર્યું નાગેશ, કીર્તિ જ તો વાધી “મા” । ૩૫

મચ્છ કચ્છ વારાહ, નરસિંહ વામન થૈ “મા”
અવતારો તારાહ , તે તુજ મહાત્મ્ય મહી “મા” । ૩૬

પરશુરામ શ્રીરામ ,રામ બળી બળ જેહ “મા”
બુધ્ધ કલ્કી નામ, દશ વિધ ધારી દેહ “મા” । ૩૭

મધ્ય મથુરાંથી બાળ, ગોકુળ તો પહોત્યું “મા”
તેં નાખી મોહજાળ, બીજું કોઇ ન્હોતું “મા” । ૩૮

કૃષ્ણા કૃષ્ણ અવતાર, કલિ કારણ કીધું “મા”
ભુક્તિ મુક્તિ દાતાર, થૈ દર્શન દીધું “મા” । ૩૯

વ્યંઢળને વળી નાર,પુરુષપણે રાખ્યાં “મા”
એ અચરજ સંસાર, શ્રુતિ સ્મૃતિએ ભાખ્યાં “મા” । ૪૦

જાણી વ્યંઢળ કાય, જગમાં અણજુક્તિ “મા”
“મા” માટે મહિમાય, ઇન્દ્ર કથે યુક્તિ “મા” । ૪૧

મહિરામણ મથી મેર, કીધો રવૈયો સ્થિર “મા”
કાઢ્યાં રત્ન એક તેર, વાસુકિનાં નેતર “મા” । ૪૨

સુર સંકટ હરનાર, સેવકનાં સન્મુખ “મા”
અવિગતિ અગમ અપાર, આનંદોદધિ સુખ “મા” । ૪૩

સનકાદિક મુનિ સાથ, સેવી વિવિધ વિધે “મા”
આરાધી નવનાથ, ચોરાશી સિદ્ધે “મા” । ૪૪

આવી અયોધ્યા ઇશ, નામી શિશ વળ્યાં “મા”
દશ મસ્તક ભુજ વીસ, છેદી સીત મળ્યાં “મા” । ૪૫

નૃપ ભીમકની કુમારી તમ પૂજ્યે પામી “મા”
રુક્ષ્મણી રમણ મુરારી મન માન્યો સ્વામી “મા” । ૪૬

રાખ્યા પાંડુ કુમાર, છાના સ્ત્રી સંગે “મા”
સંવત્સર એક બાર, વામ્યા તુમ અંગે “મા” । ૪૭

બાંધ્યો તન પ્રધ્યુમ્ન , છૂટે નહીં કો થી “મા”
સમરી પૂરી સનખલ , ગયો કારાગૃહથી “મા” । ૪૮

વેદ પુરાણ પ્રમાણ, શાસ્ત્ર સકલ સાખી “મા”
શક્તિ સૃષ્ટિ મંડાણ, સર્વ રહ્યાં રાખી “મા” । ૪૯

જ્યાં જ્યાં જુગતે જોઇ, ત્યાં ત્યાં તું તેવી “મા”
સમ વિભ્રમ મતિ ખોઇ, કહી ન શકું કેવી “મા” । ૫૦

ભૂત ભવિષ્ય વર્તમાન, ભગવતી તું ભવની “મા”
આદિ મધ્ય અવસાન, આકાશે અવની “મા” । ૫૧

તિમિર હરણ શશીસૂર, તે તારો ધોખો “મા”
અમી અગ્નિ ભરપૂર, થૈ પોખો શોખો “મા” । ૫૨

ખટ ઋતુ રસ ષટ માસ, દ્વાદશ પ્રતિબન્ધે “મા”
અંધકાર ઉજાસ, અનુક્રમ અનુસન્ધે “મા” । ૫૩

ધરતી તળ ધન ધાન્ય, ધ્યાન ધર્યે ના’વો “મા”
પાલન પ્રજા પર્જન્ય , અણચિંતવ્યાં આવો “મા” । ૫૪

સકલ સિદ્ધિ સુખદાયી, પય દધી ધૃત માંહી “મા”
સર્વે રસ સરસાંઇ, તુજ વિણ નહીં કાંઇ “મા” । ૫૫

સુખ દુ:ખ બે સંસાર, તારા નિપજાયા “મા”
બુદ્ધિ બલની બલિહાર, ઘણું ડાહ્યાં વાહ્યાં “મા” । ૫૬

ક્ષુધા તૃષા નિદ્રાય, લઘુ યૌવન વૃદ્ધા “મા”
શાંતિ શૌર્ય ક્ષમાય, તું સઘળે શ્રદ્ધા “મા” । ૫૭

કામ ક્રોધ મોહ લોભ, મદ મત્સર મમતા “મા”
તૃષ્ણા સ્થિરતા ક્ષોભ, શાંતિ ને સમતા “મા” । ૫૮

ધર્મ અર્થ  ને કામ, મોક્ષ તું મમ્માયા “મા”
વિશ્વ તણો વિશ્રામ, ઉર અંતર છાયા “મા” । ૫૯

ઉદય ઉદારુણ અસ્ત, આદ્ય અનાદેની “મા”
ભાષા ભૂર સમસ્ત, વાક્ય વિવાદેની “મા” । ૬૦

હર્ષ હાસ્ય ઉપહાસ્ય , કાવ્ય કવિત વિત્ત તું “મા”
ભાવ ભેદ નિજ ભાષ્ય, ભ્રાંતિ ભલી ચિત્ત તું “મા” । ૬૧

ગીત નૃત્ય વાજીંત્ર , તાલ તાન માને “મા”
વાણી વિવિધ વિચિત્ર, ગુણ અગણિત ગાને “મા” । ૬૨

રતિરસ વિવિધ વિલાસ, આશ સકલ જગની “મા”
તન મન મધ્યે વાસ, મમ્માયા મગની “મા” । ૬૩

જાણે અજાણે જગત , બે બાધા જાણે “મા”
જીવ સકળ આસક્ત, સહુ સરખા માણે “મા” । ૬૪

વિવિધ ભોગ મરજાદ, જગ દાખ્યું ચાખ્યું “મા”
ગરથ સુરત નિઃસ્વાદ, પદ પોતે રાખ્યું “મા” । ૬૫

જડ, થડ, શાખા, પત્ર, ફૂલ ફળે ફળતી “મા”
પરમાણુ એકત્ર, રસ બસ વિચરતી “મા” । ૬૬

નિપટ અટપટી વાત, નામ કહું કોનું “મા”
સર્જી સાતે ધાત, માત અધિક સોનું “મા” । ૬૭

રત્ન, મણિ માણિક્ય, નંગ મુંગીયાં મુક્તા “મા”

આભા અટળ અધિક્ય ,અન્ય ન સંયુક્તા “મા” । ૬૮

નીલ પીત, આરક્ત, શ્યામ શ્વેત સરખી “મા”
ઉભય વ્યક્ત અવ્યક્ત, જગત જને નિરખી “મા” । ૬૯

નગ જે અધિકુળ આઠ, હિમાચલ આદ્યે “મા”
પવન ગવન ઠઠી ઠાઠ, તુજ રચિતા માદ્યે “મા” । ૭૦

વાપી કૂપ તળાવ, તું સરિતા સિંધુ “મા”
જળ તારણ જયમ નાવ, ત્યમ તારણ બંધુ “મા” । ૭૧

વૃક્ષ વન ભાર અઢાર, ભૂ ઉપર ઊભાં “મા”
કૃત્ય કર્મ કરનાર , કોશ વિધાં કુંભાં “મા” । ૭૨

જડ ચૈતન્ય અભિધાન, અંશ અંશધારી “મા”
માનવિ માટે માન, એ કરણી તારી “મા” । ૭૩

વર્ણ ચાર વિધિ કર્મ ,ધર્મ સહિત સ્થાપી “મા”
બેને બાર અપર્મ,અનુચર વર આપી “મા” । ૭૪

વાડવ વહ્ની નિવાસ, મુખ માતા પોતે “મા”
તૃપ્તે તૃપ્તે આશ, માત જગન જોતે મા। ૭૫

લક્ષ ચોરાસી જંત, સહુ તારા કીધા “મા”
આણી અસુરનો અંત, દંડ ભલા દીધા “મા” । ૭૬

દુષ્ટ દમ્યા કંઈ વાર, દારુણ દુઃખ દેતા “મા”
દૈત્ય કર્યાં સંહાર, ભાગ યજ્ઞ લેતા “મા” । ૭૭

શુધ્દ કરણ સંસાર, કર ત્રિશુળ લીધું “મા”
ભૂમિ તણો શિરભાર, હરવા મન કીધું “મા” । ૭૮

બહુચર બુધ્ધિ ઉદાર, ખળ ખોળી ખાવા “મા”
સંત કરણ ભવપાર, સાધ્ય કરે શાવા“મા” । ૭૯

અધમ ઉધ્ધારણ હાર, આસનથી ઊઠી “મા”
રાખણ જગ વ્યવહાર, બધ્દ બાંધી બેઠ્ઠી “મા” । ૮૦

આણી મન આનંદ, મહીં માંડયાં પગલાં “મા”
તેજ કિરણ રવિ ચંદ્ર , દે નાનાં ડગલાં “મા” । ૮૧

ભર્યાં કદમ બે ચાર, મદમાતી મદભર “મા”
મનમાં કરી વિચાર, તેડાવ્યો અનુચર “મા” । ૮૨

કુરકટ કરી આરોહ, કરુણાકર ચાલી “મા”
નખ પંખી મેલ્યોહ , પગ પૃથ્વી હાલી “મા” । ૮૩

ઊડીને આકાશ, થઈ અદ્ભુત આવ્યો“મા”
અધક્ષણમાં એક શ્વાસ અવનિ તળ લાવ્યો “મા” । ૮૪

પાપી કરણ નીપાત, પૃથ્વી પડ માંહે “મા”
ગોઠયું મન ગુજરાત, ભીલાં ભડમાંહે “મા” । ૮૫

ભોળી ભવાની માય, ભાવ ભલે ભાળે “મા”
કીધી ધણી કૃપાય, ચુંવાળે આળે “મા” । ૮૬

નવ ખંડ ન્યાળી નેટ, નજર વજર પેઠી “મા”
ત્રણ્ય ગામ તરભેટ , ઠેઠ ઠરી બેઠી “મા” । ૮૭

સેવક સારણ કાજ, સલખનપુર સેડે “મા”
ઊઠયો એક અવાજ, ડેડાણા નેડે “મા” । ૮૮

આવ્યાં અશરણ શરણ , અતિ આનંદ ભર્યો “મા”
ઉદિત મુદિત રવિકિર્ણ, દશદિશ યશ પ્રસર્યો “મા” । ૮૯

સકળ સમય જગમાત, બેઠાં ચિત્ત સ્થિર થૈ “મા”
વસુધામાં વિખ્યાત, વાત વાયુ વિધિ ગઈ “મા” । ૯૦

જાણે સહુ જગ જોર, જગજનની જોખે “મા”
અધિક ઉડાડ્યો શોર, વાસ કરી ગોખે “મા” । ૯૧

ચાર ખૂટ ચોખાણ, ચર્ચા એ ચાલી “મા”
જનજન પ્રતિ મુખવાણ,બહુચર બિરદાળી “મા” ૯૨

ઉદો ઉદો જયકાર, કીધો નવખંડે “મા”
મંગળ વર્ત્યાં ચાર, ચૌદે બ્રહ્માંડે “મા” । ૯૩

ગાજ્યા સાગર સાત, દૂધે મે ઉઠા “મા”
અધર્મ ઘર ઉત્પાત, સહુ કીધા જુઠા “મા” । ૯૪

હરખ્યા સુર નર નાગ, મુખ જોઈ“મા” નું “મા”
અવલોકી અનુરાગમુન મન સરખાનું “મા” । ૯૫

નવ ગ્રહ નમવા કાજ, પાગ પળી આવ્યા “મા”
ઉપર ઉવારણ કાજ, મણિમુક્તા લાવ્યા “મા” । ૯૬

દશ દિશના દિગ્પાલ, દેખી દુઃખ વામ્યા “મા”
જન્મ મરણ જંજાળ, મટતાં સુખ પામ્યા “મા” । ૯૭

ગુણ ગાંધર્વ યશ ગાન, નૃત્ય કરે રંભા “મા”
સુર સ્વર સુણતાં કાન, ગતિ થઈ ગઈ સ્થંભા “મા” । ૯૮

ગુણનિધિ ગરબો જેહ, બહુચર તુમ કેરો “મા”
ધારે ધારી  દેહ, સફળ ફળે ફેરો “મા” । ૯૯

પામે પદારથ પાંચ, શ્રવણે સાંભળતાં “મા”
ના’વે ઉન્હી આંચ, દાવાનળ બળતાં “મા” । ૧૦૦

શસ્ત્ર ન અડકે અંગ, આદ્ય શક્તિ રાખે “મા”
નિત નિત નવલે રંગ, ધર્મ કર્મ પાળે “મા” । ૧૦૧

જળ જે અકળ અઘાત, ઉતારે બેડે “મા”
ક્ષણ ક્ષણ નિશદિન માત,ભવસંકટ ફેડે “મા”  ૧૦૨

ભૂત પ્રેત જંબૂક વ્યંતરી ડાકીની “મા”
નાવે આડી અચૂક, સમર્યાં શક્તિની “મા” ।૧૦૩

ચકણ કરણ ગતિ ભંગ, ખંગ પંગ વાળે “મા”
ગુંગ મુંગ મુખ અંગ, વ્યાધિ બધી ટાળે “મા” ૧૦૪

સેણ વિહોણાં નેણ, નેહે નેણાં આપે, “મા”
પુત્ર વિહોણા કેણ, કંઇ મ્હેણાં કાપે “મા” । ૧૦૫

કલિ કલ્પતરુ ઝાડ, જે જાણે તેને “મા”
ભક્ત લડાવે લાડ, પાડ વિના કેને “મા” । ૧૦૬

પ્રગટ પુરૂષ પુરૂષાઈ, તું આપે પળમાં “મા”
ઠાલાં ઘર ઠકુરાઈ, દે દળ હળ બળમાં “મા” । ૧૦૭

નિર્ધનને ધનપાત્ર, તું કરતાં શું છે “મા”
રોગ, દોષ દુઃખ માત્ર, તું હરતાં શું છે “મા”  ? ૧૦૮

હય ગજ રથ સુખપાલ, આલ વિના અજરે “મા”

વર દે બહુચર બાલ, ન્યાલ કરો નજરે "મા" । ૧૦૯

ધર્મ ધ્વજા ધન ધાન્ય , ન ટળે ધામ થકી "મા"
મહિપતિ મુખ દે માન્ય , "મા" નાં નામ થકી "મા" । ૧૧૦

નરનારી ધરી દેહ, હેતે જે ગાશે "મા"
કુમતિ કર્મકૃત ખેહ, થઇ ઊડી જાશે "મા" । ૧૧૧

ભગવતી ગીત ચરિત્ર, નિત સુણશે કાને "મા"
થઇ કુળ સહિત પવિત્ર, ચડશે વૈમાને "મા" । ૧૧૨

તું થી નથી કો વસ્ત, તેથી તુંને તર્પું "મા"
પૂરણ પ્રગટ પ્રશસ્ત, શી ઉપમા અર્પું "મા" । ૧૧૩

વારંવાર પ્રણામ, કરજોડી કીજે "મા"
નિર્મળ નિશ્ચળ નામ, જનનીનું લીજે "મા" । ૧૧૪

નમો નમો જગમાત, નામ સહસ્ત્ર તારે "મા"
માત તાત ને ભ્રાત ,તું સર્વે મારે "મા" । ૧૧૫

સંવત શત દશ સાત, નવ ફાલ્ગન શુધ્ધે "મા"
તિથિ તૃતિયા વિખ્યાત, શુભ વાસર બુધ્ધે "મા" । ૧૧૬

રાજનગર નિજ ધામ, પુર નવીન મધ્યે "મા"
આઇ આદ્ય વિશ્રામ, જાણે જગ બધ્યે "મા" । ૧૧૭

કરી દુર્લભ સુલર્ભ, રહું છું છેવાડો "મા"
કર જોડી વલ્લભ, કહે ભટ્ટ મેવાડો "મા" । ૧૧૮

(ભક્ત શ્રી વલ્લભ ભટ્ટ ની રચિત શ્રી બહુચર સ્તુતિ)

---

*Gujarati Bhajans, Garbas, Folk Songs*
pdf was typeset on November 22, 2022

Please send corrections to *sanskrit@cheerful.com*